## કો.મુ.નં.૭૩/૨૦૨૦ના કામે આંક ૫ લગત હુકમ

**૧.** વાદીની આંક-૫ વચગાળાની મનાઈ અરજી, પ્રતિવાદી તરફે રજૂ કરવામાં આવેલ આંક ૧૬ જવાબ, બંને પક્ષે રજૂ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવા સાથે વાદી અને પ્રતિવાદી તરફે રજૂ કરવામાં આવેલ અનુક્રમે આંક ૧૮ અને આંક ૧૯ની લેખિત દલીલો લક્ષમાં લીધી.

**૨.** વાદીએ હાલના પ્રતિવાદી વિરુધ્ધ રૂ.૧,૦૦૦/-ના આંકથી દાવો કરીને એવી તકરાર લીધી છે કે, નામ.કોર્ટના હકુમતના મોજે ગામ ઓડ તા.જી. આણંદની સીમની ખેતીની જમીન રે.સ.નં. ૧૮૩૧/પૈકી જેનુ ક્ષેત્રફળ ૦.૭૨.૮૪ જેનો આકાર રૂ.૯.૬૨ પૈસા જેનો ખાતા નં.૧૨૪૪ વાળી જમીનમાં વાદીઓની માલિકી કબજા ભોગવટાની ખેતીની જમીન આવેલી છે તથા ખાતા નં.૨૬૦૬ ક્ષેત્રફળ ૦.૬૯.૮૧ આકાર રૂ.૭.૧૮ પૈસાવાળી ચીમનભાઇ તળજીભાઇ વગેરેની માલિકી કબજા ભોગવટાની આવેલી છે તથા ખાતા નં.૨૬૦૭ ક્ષેત્રફળ ૦.૮૮.૦૨ આકાર રૂ.૮.૮૯ પૈસાવાળી દત્તુભાઇ મણીભાઇની માલિકી કબજા ભોગવટાની આવેલી છે. સદર જમીન અમોએ વેચાણ લીધેલી છે જેનો પાકો દસ્તાવેજ કરવાનો બાકી છે. ખાતા નં.૧૨૪૪ ક્ષેત્રફળ ૦.૭૨.૮૪ ખેતીની જમીન અમો વાદીની માલિકી કબજા ભોગવટાની આવેલી છે. સદર જમીનોની રેકર્ડ ઉપર વહેંચણી થઇ ગયેલ છે પરંતુ સ્થળ ઉપર અલગ અલગ હિસ્સા પાડવામાં આવેલ નથી. સદર તમામ ખેતીની જમીનોમાં અમો વાદી નં.૭ જય ભાવેશભાઇ પટેલ ખેતી કરી કરાવ્યે છે અને તમામ વહીવટ અમો વાદી નં.૭ કરીએ છીયે તથા રે.સ.નં.૧૮૩૧/પૈકી ખાતા નં.૯૯૮ ક્ષેત્રફળ ૦.૫૦.૫૯ આકાર રૂ.૫.૬૨ પૈસાવાળી ખેતીની જમીન શાબાબેન મહીજીભાઇ ઠાકોર વગેરેની માલિકી કબજા ભોગવટાની આવેલી છે જે

અમો વાદીઓના હિસ્સાની દક્ષિણાતી દિશાએ આવેલી છે. રે.સ.નં.૧૮૩૧ ના ખૂંટ પૂર્વે રે.સ.નં.૧૮૩૪ની વાદી શીરીષભાઇએ વેચાણ રાખેલ ખેતીની જમીન, પશ્ચિમે સરકારી નાળ કેનાલે જાય છે તે, ઉત્તરે પ્રતિવાદીનો રે.સ.નં.૧૮૩૬ની ખેતીની જમીન અને દક્ષિણે સરકારી નાળ. એ રીતની ચાર ખૂંટ વચ્ચેની ખેતીની જમીન આવેલી છે. અમો વાદીના રે.સ.નં.૧૮૩૧/પૈકીની ઉત્તરે પ્રતિવાદીનો રે.સ.નં.૧૮૩૬/પૈકીની ખેતીની જમીન આવેલી છે. જેનુ ક્ષેત્રફળ ૦.૫૩.૩૨ આકાર ૩.૬.૦૦ જેનો ખાતા નં.૧૫૫ છે જે પ્રતિવાદી નં.૧, ૨ની માલિકીનો છે. તેમજ ખાતા નં.૧૩૫૬ ક્ષેત્રફળ ૦.૫૩.૬૨ આકાર ૩.૬.૦૦ પ્રતિવાદી નં.૩ની ખેતીની જમીન આવેલી છે જે પ્રતિવાદી નં.૩નાઓએ ગીરો મુકેલી છે. રે.સ.નં.૧૮૩૬માં પૂર્વ દિશા તરફનો હિસ્સો પ્રતિવાદી નં.૧ અને ૨નો આવેલો છે અને પશ્ચિમ દિશા તરફનો હિસ્સો પ્રતિવાદી નં.૩નો આવેલો છે. પ્રતિવાદીનો રે.સ.નં.૧૮૩૬/પૈકીના ખૂંટ પૂર્વે રે.સ.નં.૧૮૩૫ની ખેતીની જમીન આવેલી છે તે મુકીને રણછોડપુરા ગામનો પાકો રોડ આવેલો છે, પશ્ચિમે અમો વાદીની ખેતીની જમીન આવેલી છે, ઉત્તરે નાળ (રસ્તો) મુકી રે.સ.નં.૧૮૩૭ની ખેતીની જમીન આવેલી છે અને દક્ષિણે અમો વાદીનો રે.સ.નં.૧૮૩૧ આવેલો છે. ઉપર પેરા-૧માં જણાવ્યા મુજબ અમો વાદીઓની ખેતીની જમીન આવેલી છે તેમજ પેરા-૨માં જણાવ્યા મુજબની પ્રતિવાદી નં.૧થી ૩ની ખેતીની જમીન આવેલી છે. સદરહું દાવાના પ્રતિવાદી નં.૧થી ૩નો જવા-આવવાનો રસ્તો પ્રતિવાદી નં.૧થી ૩ની ઉત્તરે આવેલ પૂર્વ-પશ્ચિમ નાળે થઇને છે જે રસ્તો રે.સ.નં.૧૮૩૭ની દક્ષિણ દિશામાં આવેલ છે. જે રસ્તો પૂર્વે રણછોડપુરા ગામના પાકા રોડ સુધી આવેલો છે. જેમાં મેન્ટલ નાખેલ છે. પ્રતિવાદી નં.૧થી ૩ની દક્ષિણે આવેલ રે.સ.નં.૧૮૩૭ના પશ્ચિમાતા ભાગના માલિક બચુભાઇ કાળીદાસ પટેલે નાળ તેમના

સર્વે નંબરમાં ભેળવી તારની વાડ કરી દીધેલ. રે.સ.નં.૧૮૩૭ના પૂર્વાતા ભાગમાં રસ્તો મેન્ટલ નાખેલ છે. પ્રતિવાદી નં.૧, ૨નું મકાન પણ રે.સ.નં.૧૮૩૬ના દક્ષિણ–પૂર્વ ખૂણામાં આવેલ છે. પ્રતિવાદીઓ તેમના ખેતરની ઉત્તરે આવેલ નાળે થઇ વડીલોના વખતથી આવ જા કરતા આવેલા છે. જે તેઓનો કાયદેસરનો રસ્તો છે. હકીકત ઉપર મુજબ હોવા છતાં પ્રતિવાદી નં.૧થી ૩નાઓ અમો વાદીઓના રે.સ.નં.૧૮૩૧ના પૂર્વાતા શેઢે થઇ આગળ દક્ષિણ તરફ જઇ દક્ષિણે આવેલ નાળે થઇ જવા આવવાના પ્રયત્નો કરે છે જેથી અમો વાદીઓએ પ્રતિવાદી નં.૧થી ૩ને જણાવેલ કે તમારો આ કાયદેસરનો રસ્તો નથી જેથી અમો વાદીઓના રે.સ.નં.૧૮૩૧માં થઇને આવ જા કરવી નહી. ત્યાર બાદ પ્રતિવાદી નં.૧, ૨નાઓએ રસ્તો મેળવવા મામલતદારશ્રી આણંદનાઓને અરજી કરેલી. જે મામલતદારશ્રીએ રસ્તો ખુલ્લો હોવાથી અરજી દફતરે કરેલી. અમો વાદીઓના રે.સ.નં.૧૮૩૧ના પૂર્વાતા શેઢે રસ્તો આવેલો છે તે રસ્તે થઇને અમો આવ જા કરીએ છીયે. જ્યારે પ્રતિવાદી નં.૧થી ૩ને આ રસ્તે થઇને આવ જા કરવાનો હક નથી. અમો વાદીના રે.સ.નં. ૧૮૩૧ તથા પ્રતિવાદી નં.૧થી ૩ના રે.સ.નં.૧૮૩૬ની વચ્ચે તારની વાડ આવેલી છે. પ્રતિવાદીઓનો કાયદેસરનો રસ્તો તેઓના રે.સ.નં.૧૮૩૬ની ઉત્તરે આવેલ નાળે થઇને આવેલો હોવા છતાં અમો વાદીઓના રે.સ.નં.૧૮૩૧/પૈકીમાં થઇને પૂર્વાતા શેઢે થઇ રસ્તાનો નવો હક ઉભો કરવા અને તારની વાડ ખોલી નાખવા પ્રતિવાદીઓ પ્રયત્ન કરે છે. જેથી પ્રતિવાદીઓને આવા અપકૃત્ય કરતા અટકાવવા દાવો કરવાની જરૂર પડેલ છે. આ દાવો કરવાનુ કારણ આ કામના પ્રતિવાદીઓ અમો વાદીઓના રે.સ.નં.૧૮૩૧/પૈકીના પૂર્વાતા શેઢે થઇ રસ્તાનો નવો હક ઉભો કરવા મામલતદારશ્રી આણંદને અરજી કરી ત્યાર બાદ અમો વાદીઓના રે.સ.નં.૧૮૩૧/પૈકીના ઉત્તરાતા

શેઢે આવેલ તારની વાડ ખોલી રસ્તો પાડવાના પ્રયત્નો કર્યા ત્યારથી આ કોર્ટની હકુમતના ગામ ઓડમાં ઉત્પન્ન થયેલ છે. વાદીએ દાવા અરજીમાં એવી દાદ માંગેલી છે કે, (૧) અમો વાદીઓના મોજે ગામ ઓડ, તા.જી. આણંદની સીમના રે.સ.નં.૧૮૩૧/પૈકીના પૂર્વાતા શેઢે થઇને પ્રતિવાદીઓને હળ, બળદ, ગાડુ, ટ્રેક્ટર વિગેર લઇ જવા આવવાનો કાયદેસર રસ્તો આવેલ નથી તેમ ઠરાવો (૨) અમો વાદીઓના મોજે ગામ ઓડ, તા.જી. આણંદની સીમના રે.સ.નં.૧૮૩૧/પૈકીમાં થઇને પ્રતિવાદીઓ તથા તેમના વાલી, વારસો, એસાઇનીઓ, ટ્રાન્સફરીઓ, મુખત્યારો વગેરેનો કોઇ કાયદેસર રસ્તો આવેલો ન હોય હળ, બળદ, ગાડુ, ટ્રેક્ટર વગેરે લઇ આવ–જા કરે કરાવે નહી તેવો જાથુનો મનાઇ હુકમ ફરમાવો (૩) અમો વાદીઓના રે.સ.નં.૧૮૩૧/પૈકીમાં પ્રતિવાદીઓ ચાલુ દાવે પ્રવેશ કરી જૂથના જોરે રસ્તો પાડી તારની વાડ ખોલી રસ્તો પાડી દે તો પ્રતિવાદીઓના ખર્ચે અસલ મુજબ કરી આપે તેવો પ્રતિવાદીઓ વિરુધ્ધ હુકમ ફરમાવો (૪) દાવાની વિષયવસ્તુને અનુલક્ષીને યોગ્ય હુકમ પ્રતિવાદીઓ સામે ફરમાવો (૫) નામ.કોર્ટને યોગ્ય લાગે તેવી દાદ આપો (૬) દાવાનો તમામ ખર્ચ પ્રતિવાદી પાસેથી અપાવો. દાવો ડેકલેરેશન તથા જાથુના મનાઇ હુકમનો હોઇ દાવાનો આંક ૧,૦૦૦/–નો બાંધી તેના ઉપર રૂ.૧૦૦/– કોર્ટ ફી સ્ટેમ્પ ચોડેલ છે અને ખૂટતી સ્ટેમ્પ ફી ભરવા ખુશી છીએ.

**3.** વાદીઓએ આંક ૫ વચગાળાની મનાઇ અરજીમાં નીચે મુજબની દાદ માંગેલ છેઃ–

"અમો વાદીઓના મોજે ગામ ઓડ, તા.જી. આણંદની સીમના રે.સ.નં.૧૮૩૧/પૈકીના પૂર્વાતા શેઢે થઇને પ્રતિવાદીઓનો હળ, બળદ, ગાડુ, ટ્રેક્ટર વિગેરે લઇ જવા–આવવાનો કાયદેસર રસ્તો

આવેલો ન હોય દાવો ચાલતા દરમિયાન પ્રતિવાદીઓ અમો વાદીઓના ખેતરમાં પ્રવેશ કરી તથા તારની વાડ કાપી ટ્રેક્ટર વડે રસ્તો પાડી નવો રસ્તાનો હક ઉભો કરે નહી તેવો પ્રતિવાદીઓ તથા તેમના વંશ, વાલી, વારસો, એસાઈનીઓ, ટ્રાન્સફરીઓ, મુખત્યારો વગેરે સામે કામચલાઉ મનાઈ હુકમ આપો. ”

૪. પ્રતિવાદીઓ નં.૧ થી ૩/૨ થી ૩/૨/૨ નાઓએ વાદીના દાવા તથા મનાઈ અરજીનો આંક ૧૬થી સંયુક્ત લેખિત જવાબ રજૂ કરેલ છે અને વાદીના દાવા તથા મનાઈ અરજીની હકિકતોનો સ્પષ્ટપણે ઈન્કાર કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, આ કામના વાદીએ જે દાવો કરેલો છે તે દાવાના કામે આંક ૩થી જે લિસ્ટ રજૂ કરેલ છે તેના અનુક્રમ નં.૩ થી રે.સ.નં.૧૮૮૬/પૈકી વાળી જમીનની ૭/૧૨ની નકલ રજૂ કરેલ છે તે નકલ જોતાં તેમાં માત્ર ને માત્ર ત્રણ જ નામો બતાવેલા છે અને તેમ છતાં વાદીએ બીજા પક્ષકારોને કયા આધારે દાવાના કામે જોડેલા છે તેનો કોઈ જ આધારભૂત પુરાવો રજૂ કરેલો નથી અને ખોટી રીતના દાખલ કરેલા હોઈ વાદીનો દાવો તથા મનાઈ અરજી રદ કરવી જોઈએ. વાદી તરફથી આંક ૩ના લિસ્ટના અનુક્રમ નં.પથી મામલતદાર સાહેબ, આણંદ સમક્ષ મામલતદાર કોર્ટ એકટ કલમ ૫ મુજબનો દાવો પ્રતિવાદી પૈકી શાંતાબેન કાભઈભાઈ ઠાકોરના વિધવા પત્નિ અને પ્રવિણભાઈ કાભઈભાઈ ઠાકોર નાઓએ જે અરજી કરેલ હતી તે હકિકત વાદીની પાસે રેકર્ડ ઉપર હોવા છતાં બાકીના પક્ષકારોને ખોટી રીતના પ્રતિવાદીઓ તરીકે જોડેલા છે અને પ્રતિવાદીઓને ખોટા ખર્ચના ખાડામાં ઉતારેલા હોઈ વાદીનો દાવો રદ થવાને પાત્ર બને છે. વાદીએ દાવાના કામે નકશો તથા પંચનામું કરાવેલ છે તે નકશો જોતાં પ્રતિવાદીનું ખેતર આવેલ છે અને તેના સામે ધર્મેશભાઈ બચુભાઈ પટેલનું ખેતર આવેલ છે અને આ બંને

વચ્ચે જે રસ્તો આવેલ છે તે રસ્તો પ્રતિવાદીના ખેતરની પશ્ચિમ બાજુએ ચંદુભાઈ કિશાભાઈ ઠાકોરનું ખેતર આવેલ છે અને તેઓને તથા પ્રતિવાદીઓને તેમના ખેતરમાંથી નિકળીને જે રસ્તો બતાવેલો છે તે રસ્તો થઇને આવવા જવાનો સાચો, ખરો અને કાયદેસરનો રસ્તો આવેલ છે અને તે રસ્તાની દક્ષિણ બાજુએ વાદીની રે.સ.નં.૧૮૩૬/પૈકી વાળી જમીન આવેલ છે અને તે જમીનના પૂર્વ શેડે થઇને પ્રતિવાદીઓને આવવા જવાનો સાચો ખરો અને કાયદેસરનો રસ્તો છે અને તે રસ્તો બંધ કરી દેવા માટે તારની ફેન્સીંગ મારેલી છે તે સ્પષ્ટ નકશા ઉપરથી જોઇ શકાય તેમ છે અને આમ પ્રતિવાદીઓને તેમના ખેતરની ઉત્તર બાજુએથી નિકળીને પૂર્વ તરફ જવાનો જે પાકો રસ્તો આવેલો છે તે રસ્તે થઇને જવા આવવાનો રસ્તો છે તે હકિકત નકશાની વિગતો ઉપરથી સ્પષ્ટ જોઇ શકાય તેમ છે. પંચનામામાં પાના નં.૩ ઉપર સ્પષ્ટ ઉલ્લેખ કરેલ છે કે, “સદર ખેતરના ઉત્તર શેઢા ઉપર પૂર્વ–પશ્ચિમ સિમેન્ટના તારવાળી પાકી ફેન્સીગ મારવામાં આવેલી છે. સદર ઉત્તર શેઢા ઉપરોક્ત તારવાળી પાકી ફેન્સીંગને અડીને પૂર્વ રસ્તો આવેલો છે જે રસ્તાની ઉત્તર તરફ ધર્મેશભાઈ બચુભાઈ પટેલનું ડાંગરનું ખેતર આવેલ છે.” આમ, આ હકિકતો જોતા પણ પ્રતિવાદીનો રસ્તો વાદીના રે.સ.નં.૧૩૮૧/પૈકી વાળી જમીનની પૂર્વે શેઢે થઇને આવેલ છે તે હકિકત સ્પષ્ટ થાય છે અને આમ કરીને આ કામના વાદીને પ્રતિવાદીઓનો જે સાચો અને ખરો પરાપૂર્વથી રસ્તો આવેલો છે તે રસ્તો બંધ કરવાનો કોઈ જ હક્ક અધિકાર નથી તેમજ આ પંચનામું તથા નકશો જોતાં પ્રતિવાદીએ કોઈ જ નવીન રસ્તો ઉભો કરેલો નથી કે કરવા માંગતા પણ નથી તેમ સ્પષ્ટ થાય છે. જેથી છેલ્લે વાદીની મનાઈ અરજી રદ કરવા અને રૂ.૧૦,૦૦૦/– ખર્ચ પેટે અપાવવા જણાવેલ છે.

**૫.** પ્રતિવાદીઓ નં.૩/૨/૩ તથા નં.૩/૨/૪ દાવાના કામે સમન્સ/નોટિસની બજવણી થવા છતાં હાજર રહેલા ન હોઈ તેઓનો જવાબનો હક્ક બંધ કરવામાં આવેલ છે અને તે સંબંધી હુકમ આંક ૧ દાવા અરજી નીચે તા.૨૩.૧૦.૨૦૨૦ના રોજ કરવામાં આવેલ છે.

**૬.** દાવા સાથે વાદીએ આંક ૩ લીસ્ટથી નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે.

| અ.નં. | વિ ગ ત | નિશાની |
|---|---|---|
| ૧ | સર્વે નં.૧૮૩૧/પૈકી ગામ ઓડનો ગામ નમૂના નં. ૭. | નિ.૩/૧ |
| ૨ | ગામ ઓડના ખાતા નં.૧૨૪૪નો ગામ નમૂના નં.૮–અ. | નિ.૩/૨ |
| ૩ | ઓડનો સર્વે નં.૧૮૩૬/પૈકીનો ગામ નમૂના નં.૭/૧૨. | નિ.૩/૩ |
| ૪ | ઓડના ખાતા નં.૧૫૫નો ગામ નમૂના નં.૮/અ. | નિ.૩/૪ |
| ૫ | પ્રતિવાદી નં.૧, ૨ને આર.ટી.એસ./વશી / ૮૧૪ /૨૦૨૦ કરી તેનો પત્ર. | નિ.૩/૫ |
| ૬ | મોજે ઓડનો રેવન્યુનો નકશો. | નિ.૩/૬ |
| ૭ | કુલ ૧૪– ફોટોગ્રાફ્સ. | નિ.૩/૭ |
| ૮ | ફોટોગ્રાફ્સનુ બીલ તા.૨૫.૦૯.૨૦૨૦નું રૂ.૩,૩૦૦/–નું બીલ. | નિ.૩/૮ |

| | | |
|---|---|---|
| ૯ | કોર્ટ કમિશ્નરે કરેલ પંચનામુ. | નિ.૧૪/૨ |
| ૧૦ | કોર્ટ કમિશ્નરે કરેલ નકશો. | નિ.૧૪/૩ |

**૭.** પ્રતિવાદીઓ તરફે કોઈપણ દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ નથી.

**૮.** સદર અરજીના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છેઃ-

**મુદ્દાઓઃ**

૧. શું વાદી પોતાનો પ્રથમદર્શનીય કેસ પુરવાર કરે છે ?
૨. શું સગવડતા-અગવડતાની સમતુલા વાદીની તરફેણમાં છે ?
૩. શું વાદીને માંગ્યા મુજબનો મનાઈ હુકમ દાવાના આખરી નિકાલ થતાં સુધી ન આપવામાં આવે તો, વાદીને નાણાંથી ભરપાઈ ન થાય તેવું નુકસાન જવા સંભવ છે ?

**૯.** મારા જવાબ નીચે મુજબ છેઃ

૧. નકારમાં.
૨. નકારમાં.
૩. નકારમાં.
૪. આખરી હુકમ મુજબ.

**કા ર ણોઃ**

**મુદ્દા નં.૧, ૨ અને ૩**

**૧૦.** સદરહું ત્રણેય મુદ્દાઓ એકબીજા સાથે આંતરીક રીતે સંકળાયેલા

હોય તેની એકત્ર ચર્ચા કરવામાં આવેલી છે.

**૧૧.** આ કામે વાદીની તકરાર છે કે, પ્રતિવાદીઓ નં.૧થી ૩નો જવા–આવવાનો રસ્તો પ્રતિવાદીઓ નં.૧થી ૩ની જમીનની ઉત્તરે આવેલ પૂર્વ–પશ્ચિમ નાળે થઇને છે જે રસ્તો રે.સ.નં.૧૮૩૭ની દક્ષિણે છે અને તે રસ્તો પૂર્વે રણછોડપુરા ગામના પાકા રોડ સુધી આવેલો છે અને તે રસ્તો ૧૮૩૭ના માલિક બચુભાઇ કાળીદાસે પોતાના સર્વે નંબરમાં ભેળવી તારની વાડ કરી દીધેલ છે અને તે રસ્તેથી એટલે કે ઉત્તરે આવેલ નાળેથી પ્રતિવાદીઓ અને તેના વડીલો આવ–જા કરતા આવેલા છે. આમ, વાદી પ્રતિવાદીની ઉત્તરે જે રસ્તો કહે છે તે રસ્તો ૧૮૩૭ના માલિકે પોતાની જમીનમાં ભેળવી તારની વાડ કરેલ છે તેમ કહે છે પણ આ વાડ કેટલા વર્ષ પહેલાં અને કયારે કરી છે તે અંગે સ્પષ્ટતા કરતા નથી. આમ, વાદીની આ વાતથી એટલું સ્પષ્ટ છે કે, પ્રતિવાદીઓને પોતાના ખેતરના ઉત્તર તરફથી અવર–જવર કરવા માટેની સગવડ ઉપલબ્ધ નથી અને તેમ છતાં તેમના ખેતરમાં દિવેલાનો પાક ઉભો છે, એનો અર્થ એ થાય છે કે પ્રતિવાદીઓ વાદી જે જગ્યાએથી પ્રતિવાદીઓનો હક્ક નથી તેમ કહે છે તે રસ્તા ઉપરથી અવર જવર કરીને જ ખેતીનો પાક લીધો છે.

વાદીની તકરાર છે કે, પ્રતિવાદીઓ ૧૮૩૧ ના પૂર્વાતા શેઢે થઇ આગળ દક્ષિણ તરફ જઇ દક્ષિણે આવેલ નાળે થઇ અવર જવરનો પ્રયત્ન કરે છે અને તેઓએ રસ્તો મેળવવા મામલતદારમાં અરજી કરેલ અને મામલતદારશ્રીએ રસ્તો ખુલ્લો હોવાથી અરજી દફતરે કરેલ છે. જયારે આ કામે નિ.૧૪/૩ના નકશામાં ૧૮૩૧ અને ૧૮૩૪ વચ્ચેથી પ્રતિવાદી અવર–જવર કરે છે તે અવર–જવર અટકે તેટલા માટે ૧૮૩૪ના થાંભલા અને ૧૮૩૧માં ગોરસ આંબલીના ઝાડ સુધીના થાંભલામાં જ તારની વાડ કરેલ છે તે સિવાયના થાંભલા ખુલ્લા છે અને

જયારે મામલતદારમાં અરજી થઈ ત્યારે આ રસ્તો ખુલ્લો હતો એટલે કે તેમાં તારની વાડ ન હતી તેના કારણે મામલતદારે કાર્યવાહી નહિ કરેલી અને ત્યારબાદ વાદીએ હાલનો દાવો કરેલ અને પંચનામું થયું તે સમયમાં આ રસ્તાના ભાગ પૂરતી જગ્યામાં વાડ તાત્કાલિક કરી છે તેવું પંચનામા અને નકશાથી સ્પષ્ટ થાય છે જેના કારણે પણ દાવા પહેલાં સુધી પ્રતિવાદીઓ આ વાદગ્રસ્ત રસ્તાનો ઉપયોગ કરતા હતા તે વાત સ્પષ્ટ થાય છે. અહી માત્ર આ રસ્તા ઉપર પ્રતિવાદીઓનો માલિકી હક્ક કે ઈજમેન્ટ કે કોઈપણ પ્રકારનો સુખાધિકાર પોષાતો હતો કે કેમ તેટલા પૂરતી વાત નક્કી કરવાની થાય છે પરંતુ અવર–જવર પ્રતિવાદીઓ કરતા હતા તે વાત રેકર્ડ ઉપર છે માત્ર કેટલા સમયથી વપરાશ હતો તે વાત રેકર્ડ ઉપર નથી અને પ્રતિવાદીઓને પોતાની જમીનમાં જવા માટે હાલના સમયમાં આ વાદગ્રસ્ત રસ્તા સિવાય બીજો કોઈ રસ્તો પણ ઉપલબ્ધ નથી તે વાત પંચનામા અને નકશાથી પણ સ્પષ્ટ થાય છે.

વાદીનું કહેવું છે કે, વાદીના સ.નં.૧૮૩૧ અને પ્રતિવાદીના સ.નં.૧૮૩૬ની વચ્ચે તારની વાડ છે પણ પ્રતિવાદી નવો હક્ક ઉભો કરવા તારની વાડ ખોલી નાંખવા પ્રયત્ન કરે છે પણ આ કામે જોઈએ તો ૧૮૩૧/પૈકી અને ૧૮૩૪ના ઉત્તર શેઢા ઉપર સિમેન્ટના થાંભલા ઉભા છે પણ તારની ફેન્સીંગ માત્ર રસ્તાના ભાગ જેટલી જગ્યા બંધ થાય તે રીતની આટલા ભાગ પૂરતી વાડ બાંધવાનો અને તે સિવાયના થાંભલા ઉપર વાડ નહિ બાંધવાનું કારણ શું તે વાદી બતાવતા નથી. આમ, સળંગ વાડ નહિ કરીને પણ રસ્તાના ભાગમાં વાડ કરવાનું કારણ વાદીએ આટલા ભાગની વાડ કરીને પ્રતિવાદીઓનો રસ્તો બંધ કરી દાવો કરેલ છે તેમ માની શકાય તેવા સંજોગો છે માટે પ્રતિવાદીઓ તારની વાડ ખોલી નાંખવા પ્રયત્ન કરે છે તે વાત અતિશ્યોક્તિ ભરી જણાય છે. કોઈપણ વ્યક્તિ પોતાના ખેતરમાં વાડ કરે તો તે વાડ

આખા ખેતરમાં કરે, માત્ર થાંભલા ઉભા કરી ફક્ત કોઈ નાના ભાગ પૂરતી ફેન્સીંગ ન કરે અને આમ વાદીએ પંચનામા સમયે રસ્તાના ભાગની જગ્યામાં ફેન્સીંગ બાંધેલ છે તે વાત બતાવે છે કે વાદી પ્રતિવાદીઓનો રસ્તો નથી તેવો આભાસ ઉભો કરવા માટે પ્રતિવાદીઓની અવર–જવર અટકાવવા માટે દાવાના અરસામાં વાડ ઉભી કરેલ છે અને હવે જો વાદી આખા ખેતરમાં વાડ કરી લે તો પણ વાદીનો હેતુ પ્રતિવાદીઓનો રસ્તો બંધ કરવા માટે ખેતરમાં વાડ કરી છે તેમ માનવાને કારણ રહે.

વાદીએ રજુ કરેલ નિ.૩/૧ સર્વે નં.૧૮૩૧/પૈકી ગામ ઓડનો ગામ નમૂના નં.૭ છે જે જમીનનો સત્તા પ્રકાર ગણોતધારા કલમ–૪૩ પ્રતિબંધિત સત્તા પ્રકાર અને ક્ષેત્રફળ હે. ૨–૮૧–૨૬ આરે કબજેદારમાં વાદીઓનો ખાતા નં.૧૨૪૪ હે. ૦.૭૨.૮૪ આકાર ૯.૬૨ અને બીજા લોકોના નામ બતાવતો અને બીજા હકમાં રૂ. ૫,૯૭,૦૦૦/– ની બોજાની નોંધ બતાવતો તા.૦૫.૦૧.૧૮ની સ્થિતિનો છે અને વાદીએ રજુ કરેલ નિ.૩/૨ ગામ ઓડના ખાતા નં.૧૨૪૪નો ગામ નમૂના નં.૮–અ છે જેમાં કબજેદારમાં વાદીઓ અને મિલકતમાં રે.સ.નં.૧૮૩૧/પૈકી અને ક્ષેત્રફળ હે. ૦.૭૨.૮૪ આકાર ૯.૬૨ ખેતીલાયક બતાવતો તા.૦૮.૧૦.૨૦૧૪ની સ્થિતિનો છે. આમ, આ કામે આ રેવન્યુ રેકર્ડ મુજબ સ.નં.૧૮૩૧/પૈકીના માલિક વાદીઓ છે અને તેની જમીનમાં પોત–ખરાબાનો કે બીજા હક્કમાં રસ્તાનો ઉલ્લેખ નથી પણ તેના કારણે જે રસ્તો પંચનામામાં અને ફોટોગ્રાફમાં આવે છે તેને નકારી શકાય તેમ નથી.

વાદીએ રજુ કરેલ નિ.૩/૩ ઓડનો સર્વે નં.૧૮૩૬/પૈકીનો ગામ નમૂના નં.૭/૧૨ છે જેમાં સત્તા પ્રકાર ગણોતધારા કલમ–૪૩ પ્રતિબંધિત સત્તા પ્રકાર હે. ૧.૦૭.૨૪ કબજેદારમાં પ્રતિવાદીઓ અને બીજા હકમાં બેન્કની લોન રૂ.૧,૭૦,૦૦૦/– બતાવતો

તા.૧૩.૦૫.૨૦૨૦ની સ્થિતિનો અને વાદીએ રજુ કરેલ નિ.૩/૪ ઓડના ખાતા નં.૧૫૫નો ગામ નમૂના નં.૮/અ છે જેમાં કબજેદારમાં પ્રતિવાદી નં.૧, ૨ અને મિલકતમાં સર્વે નં.૧૮૩૬/પૈકી હે. ૦.૫૩.૬૨ આકાર રૂ.૬−૦૦ ખેતીલાયક તા.૧૧.૦૬.૨૦૧૯ની સ્થિતિનો છે અને તેમાં બીજા હક્કમાં કોઈ રસ્તાનો ઉલ્લેખ નથી પણ આ કામે સ્થળે રસ્તો છે માટે રસ્તો સ્થળ પર નથી તે વાત હાલના સ્ટેજે માનવાને કારણ રહેતું નથી.

વાદીએ રજુ કરેલ નિ.૩/૫ પ્રતિવાદી નં.૧, ૨ને આર.ટી.એસ./વશી /૮૧૪ /૨૦૨૦ તા.૨૮.૦૮.૨૦૨૦થી આણંદ ગ્રામ્ય મામલતદારે મોકલેલ પત્રની નકલ જેમાં મોજે ઓડ તા.જી. આણંદના સર્વે નં.૧૮૩૬/પૈકીવાળી જમીનમાં ખેતરમાં જવા માટેના રસ્તા બાબતની અરજી તા.૦૬.૦૮.૨૦૨૦ના રોજ મળેલ અને અત્રેની કચેરીથી તપાસ કરાવતા સર્વે નં.૧૮૩૬/પૈકી હાલની સ્થળ સ્થિતિએ જે રસ્તા અંગેનો વિવાદ છે તે સ્થળ સ્થિતિ જોતા હાલની સ્થિતિએ હાલ જે રસ્તા ઉપર આવન જાવન કરે છે તે ચાલુ છે અને રસ્તો બંધ કરેલ નથી ફક્ત મૌખિકમાં સામાવાળાએ આ રસ્તાનો ઉપયોગ નહી કરવા જણાવેલ છે જેથી આ અંગે હાલ રસ્તો બંધ કરેલ નથી અને હાલ રસ્તો ખુલ્લો છે જેથી અત્રેથી કોઈ કાર્યવાહી કરવાની થતી નથી તેની જાણ લેશો. આમ, પ્રતિવાદીએ ઓગષ્ટ મહિનામાં આ વાદગ્રસ્ત રસ્તા બાબતે મામલતદારમાં અરજ અહેવાલ કરેલ જેમાં સ્થળ સ્થિતિની તપાસ થતાં અવર−જવરનો રસ્તો ખુલ્લી હતો તે બાબત ધ્યાન પર આવતા રસ્તો બંધ નહિ હોવાના કારણે મામલતદારે કાર્યવાહી કરેલ નહિ જયારે દાવો ઓકટોબરમાં દાખલ થયેલ અને ઓકટોબરમાં પંચનામું થયું તે અરસામાં પંચનામા મુજબ રસ્તાના ભાગ તરફ તારની વાડ બનેલી છે એટલે દાવા પહેલાં આ વાડ કરીને વાદીએ રસ્તો બંધ કરેલ છે તે વાત આ હકિકતના કારણે પણ સ્પષ્ટ

થાય છે. આમ, આના કારણે પણ વાદી અલ્ટીરીયર મોટીવથી દાવો લઈને આવેલ છે તેવું માનવાને કારણ છે.

વાદીએ રજુ કરેલ નિ.૩/૬ મોજે ઓડનો રેવન્યુનો નકશો છે જેમાં સર્વે નં.૧૮૩૧ની ઉત્તર તરફ ૧૮૩૬ આવેલાનું બતાવતો જેમાં બે સર્વે નંબર વચ્ચે રસ્તો બતાવેલ નથી અને ૧૮૩૬ની કોઇ પણ દિશાએ પણ જાહેર રસ્તો બતાવેલ નથી. આમ, આ નકશાના કારણે વાદી એમ કહેવા જાય છે કે તેના ખેતરમાંથી થઇને પ્રતિવાદીના ખેતરમાં જવાનો કોઈ રસ્તો હોવાનો ઉલ્લેખ આ નકશામાં નથી પણ આ નકશામાં પ્રતિવાદીનો ઉત્તર ભાગે પણ અવર–જવરના રસ્તા માટેનો ઉલ્લેખ નથી. આમ, વાદીનું કહેવું કે પ્રતિવાદીના ઉત્તર શેઢે રસ્તો છે તે વાત આ નકશામાં બતાવવામાં આવેલ નથી અને ખેતરાઉ રસ્તાનો ઉલ્લેખ ગામ તળના નકશામાં ન હોય અને તેમાં માત્ર સરકારી રસ્તાનો જ ઉલ્લેખ હોય માટે આના કારણે પણ વાદીની વાત માની શકાય નહિ.

વાદીએ રજુ કરેલ નિ.૩/૭ કુલ ૧૪– ફોટોગ્રાફ્સ છે જેમાં નિ.૩/૭/૨માં ખેતરો વચ્ચે ખેતરાઉ રસ્તો બતાવતો તથા નિ.૩/૭/3માં ખેતરો વચ્ચે ખેતરાઉ રસ્તો બતાવતો તથા નિ.૩/૭/૧ ખેતરમાં તારની ફેન્સીંગ બતાવતો તથા નિ.૩/૭/૫ અને ૩/૭/૬માં ખેતરો વચ્ચે ખતરાઉ રસ્તો બતાવતો જે ફોટાઓમાં વાદીના ખેતરો વચ્ચેનો રસ્તો પ્રતિવાદીના ખેતરના શેઢા સુધી કે જયાં ફેન્સીન્ગ બતાવી છે ત્યાં સુધી બતાવેલ છે તથા નિ.૩/૭/૭ ખેતરો વચ્ચે ફેન્સીંગ બતાવતો તથા નિ.૩/૭/૮ તથા ૩/૭/૯ ખેતરો વચ્ચે ખેતરાઉ રસ્તો બતાવતો જે પ્રતિવાદીના ખેતર સુધી જતો તથા નિ.૩/૭/૧૦ બે ખેતરો વચ્ચે રસ્તો બતાવતો તથા નિ.૩/૭/૧૧ અને ૩/૭/૧૨ ખેતરો વચ્ચે તારની ફેન્સીંગ બતાવતો તથા નિ.૩/૭/૧૩ ખેતર વચ્ચે ફેન્સીંગ બતાવતો જેમાં ફેન્સીંગની બીજી

તરફ ખેતરાઉ રસ્તાનુ ચિહ્ન બતાવતો તથા નિ.૩/૭/૧૪ ખેતરો વચ્ચે તારની ફેન્સીંગ બતાવતો છે. આમ, વાદીના ખેતરો વચ્ચેનો રસ્તો પ્રતિવાદીના શેઢા સુધી જાય છે ત્યાં ફેન્સીંગ થઇ છે જેના કારણે આ ફોટોગ્રાફ પણ એ વાત સ્પષ્ટ કરે છે કે રસ્તો સ્થળ ઉપર છે પણ ત્યાં ફેન્સીંગ થવાના કારણે રસ્તો બંધ થયેલ છે.

વાદીએ રજુ કરેલ નિ.૧૪/૨ કોર્ટ કમિશ્નરે કરેલ પંચનામુ જેમાં તકરારી દાવાવાળી જગ્યા રે.સ.નં.૧૮૩૧/પૈકીની ખૂંટ પૂર્વે રે.સ.નં. ૧૮૩૪ વાળી વાદી શિરીષભાઇ પટેલની જમીન, પશ્ચિમે વાદીનું રે.સ.નં. ૧૮૩૧ વાળુ ખેતર મુકી સરકારી નાળ, ઉત્તરે પ્રતિવાદીનો રે.સ.નં. ૧૮૩૬ વાળુ ખેતર અને દક્ષિણે વાદીનું રે.સ.નં. ૧૮૩૧ વાળુ ખેતર મુકીને સરકારી નાળ. એ રીતની દાવાવાળી તકરારી જગ્યા છે. દાવાવાળી તકરારી જગ્યા રે.સ.નં.૧૮૩૧ની જમીન જોતા આ ખેતરની દક્ષિણ બાજુએ હાલ ડાંગરનો પાક ઉભો છે અને આ ડાંગરના પાકની ઉત્તર બાજુએ એજ ખેતરમાં એક ભાગ પડતર છે. જેમાં કોઇ વાવેતર નથી. આ ખેતરના બંને ભાગની વચ્ચે આસરે ૧૧ સિમેન્ટના થાંભલા પૂર્વ-પશ્ચિમ દિશામાં ઉભા છે તેને અડીને પાણી માટેનો ઢાળીયો આવેલો છે અને આ ખેતરમાં જવા-આવવા માટેનો રસ્તો દક્ષિણ દિશાથી ઉત્તર તરફ એટલે કે સરકારી નાળથી અંદર જવા આવવા માટેનો છે. સદર રસ્તામાં હાલ રેતી, કપચીના ઢગલા પડેલા છે અને બાજુમાં ઇલેક્ટ્રીક સિમેન્ટનો પોલ આવેલો છે અને આ રસ્તાની પૂર્વ દિશાએ છોટુભાઇ ડાહ્યાભાઇ પટેલનું કેળોવાળુ ખેતર આવેલુ છે અને સદર ખેતરની પૂર્વ દિશામાં વાદીનું રે.સ.નં.૧૮૩૪ વાળી ખેતીની જમીન આવેલી છે જેમાં મરચીનો પાક છે. સદર ખેતરની પશ્ચિમ દિશા તરફ એક ઇલેક્ટ્રીક પોલ આવેલ છે અને આગળ જતા ખેતરના પશ્ચિમ શેઢે સિમેન્ટના ખાલી પોલ (થાંભલા) મારેલ છે. જેમાં તારની ફેન્સિંગ કરેલ નથી અને તે છોડીને આગળ

સરકારી નાળ આવેલ છે. સદર ખેતરની ઉત્તર દિશાએ પૂર્વ–પશ્ચિમ ગોરાસામલીના ઝાડ સુધી સિમેન્ટના ખાલી થાંભલા ઉભા મારેલા છે પરંતુ ગોરાસામલીના ઝાડથી આગળ પૂર્વ દિશા તરફ વાદીના ખેતરના ઉત્તર શેઢે આવેલ ઝાડો સુધી સિમેન્ટના થાંભલા તારની ફેન્સિંગ સાથે મારેલા છે સદર ખેતરની પૂર્વ દિશા તરફ આવેલ રે.સ.નં.૧૮૩૪ વાળા વાદી શિરીષભાઈ પટેલના ખેતરની ઉત્તર–દક્ષિણ ખૂણે એટલે કે સદર ખેતરની પૂર્વ તરફ દક્ષિણ તરફ હાલમાં પાણીનો એક બોર છે અને ઇંટોના ઢગલા પડેલા છે અને કુવાની ઓરડી બનાવવા માટે હાલમાં પાયા ખોદવાનું કામ ચાલે છે. સદર ખેતરની પશ્ચિમ બાજુએ દક્ષિણ ખૂણે કલ્પેશભાઈ મંગળભાઈ પટેલનું ખેતર આવેલ છે જે ખેતરમાં હાલમાં અરડૂસાના ઝાડો આવેલા છે. સદર ખેતર રે.સ.નં. ૧૮૩૧/પૈકી વાળી જમીનના એક ભાગમાં ડાંગરનો જે પાક ઉભો છે તેની વચ્ચે થોડા ભાગમાં મરચીનો પાક કરેલો છે. પ્રતિવાદીની રે.સ.નં.૧૮૩૬/પૈકીની જમીનના ખૂંટ પૂર્વે શનાભાઈ મોતીભાઈ ઠાકોરનું ખેતર જે મુકી રણછોડપુરા ગામનો પાકો રસ્તો આવેલો છે અને પશ્ચિમે બુધાભાઈ શનાભાઈ ઠાકોરનું ખેતર આવેલ છે અને ઉત્તરે રસ્તો મુકીને ધર્મેશભાઈ બચુભાઈ પટેલનું ખેતર આવેલુ છે અને દક્ષિણે દક્ષિણ દિશા તરફનું વાદીનું ખેતર આવેલ છે એ રીતની ચાર ખૂંટ વચ્ચેની તકરારી જગ્યાની પરિસ્થિતિ જોતા સદર ખેતરની પૂર્વ દિશામાં દક્ષિણ ખૂણે પ્રતિવાદીની પતરાવાળી ઓરડી આવેલી છે તેને અડીને પતરાવાળુ અડાળુ આવેલુ છે તેની આગળ લીમડાના બે નાના ઝાડ આવેલા છે. આ ખેતરમાં દક્ષિણ દિશામાં ઈલેક્ટ્રીક થાંભલો આવેલો છે જેની લાઈન ખેતરના મધ્યમાં બીજો ઈલેક્ટ્રીક થાંભલો આવેલ છે તે આગળ ઉત્તર દિશામાં પૂર્વ તરફ બે થાંભલાવાળી ઈલેક્ટ્રીક ડી.પી.માં લાઈન જાય છે. સદર ખેતરની ચારેય દિશાની હદ તપાસ કરતા સૌપ્રથમ ખેતરની પૂર્વ બાજુએ શેઢા ઉપર ઉત્તર–દક્ષિણે

જાંબુ તથા આંબાના ઝાડ આવેલા છે તે ઝાડો પૂર્ણ થતા સદર ખેતરના ઉત્તર–પૂર્વ ખૂણે તારની ફેન્સીંગ મારેલ છે. સદર ખેતરની પશ્ચિમ દિશાએ બુધાભાઈ શનાભાઈનુ ખેતર આવેલ છે. જેમાં હાલ સરગવાનો પાક છે. બુધા શના સોલંકીનુ ખેતર પશ્ચિમ દિશામાં પૂર્ણ થતા હિતેશભાઈ પટેલનુ ડાંગરવાળુ ખેતર આવેલ છે. સદર ખેતરની પશ્ચિમ દિશાએ ઉત્તર ખૂણે ચંદુભાઈ કિશાભાઈ ઠાકોરનુ ડાંગરવાળુ ખેતર આવેલુ છે. સદર ખેતરના ઉત્તર શેઢા ઉપર પૂર્વ–પશ્ચિમે સિમેન્ટના થાંભલાની તારવાળી પાકી ફેન્સિંગ મારવામાં આવેલ છે. સદર ખેતરના ઉત્તર શેઢે ઉપરોકત તારવાળી પાકી ફેન્સિંગને અડીને પૂર્વ–પશ્ચિમ રસ્તો આવેલો છે જે રસ્તાની ઉત્તર તરફ ધર્મેશભાઈ બચુભાઈ પટેલનુ ડાંગરવાળુ ખેતર આવેલ છે. સદર ખેતરની દક્ષિણ દિશા તરફ પૂર્વ–પશ્ચિમે સિમેન્ટના થાંભલાની તારવાળી ફેન્સિગ આવેલ છે જે ફેન્સિગ સદર ખેતરની અડધે સુધી જ મારેલ છે. સદર ખેતરની દક્ષિણ તરફ ફેન્સિગ છોડીને વાદી શિરીષભાઈ પટેલનુ ખેતર આવેલ છે. સદર રે.સ.નં.૧૮૩૬/પૈકીની જમીનમાં હાલ દિવેલાનો પાક છે. તેવા મતલબનુ પંચનામુ છે. આમ, પંચનામું જોતાં ૧૮૩૪ના પશ્ચિમના શેઢા પર સિમેન્ટના ખાલી પોલ(થાંભલા) મારેલા છે તેમાં તાર ફેન્સીંગ નથી પણ ઉત્તર દિશામાં પૂર્વ–પશ્ચિમ ગોરસ આંબલીના ઝાડ સુધી સિમેન્ટના થાંભલા છે અને ગોરસ આંબલીના ઝાડથી આગળ પૂર્વ દિશા તરફ વાદીના ૧૮૩૪ વાળા ખેતરના ઉત્તર શેઢે આવેલ ઝાડ સુધી સિમેન્ટના થાંભલા તાર ફેન્સીંગ વાળા છે એટલે કે ગોરસ આંબલીનું ઝાડ કે જે ૧૮૩૧/પૈકીમાં છે તે અને ૧૮૩૪ના ઝાડની વચ્ચેના ભાગમાં તારની ફેન્સીંગ કરેલ છે જે ફેન્સીંગ તકરારી રસ્તાને અવરોધ થાય તે રીતની છે અને તેથી પ્રતિવાદી ત્યાંથી અવર જવર ન કરી શકે માટે આટલા ભાગમાં તાર મારવામાં આવેલા છે અને બાકીના થાંભલા ખુલ્લા છે. આમ, વાદી દાવો કરતાં અગાઉ વાદગ્રસ્ત

વિસ્તારને બ્લોક કરી પછી દાવો કરે છે તે વાત સ્પષ્ટ થાય છે. પંચનામામાં પ્રતિવાદીના ખેતરની ઉત્તરે રસ્તો મુકીને ધર્મેશભાઇ બચુભાઈનું ખેતર બતાવેલ છે પણ તે રસ્તામાં આગળ કાભઈ ઠાકોર અને છનાભાઈ ઠાકોરના ખેતર વચ્ચે ફેન્સીંગ હોવાના કારણે તે રસ્તામાં અવર જવર થઇ શકે તેમ જ નથી. આ કામે પંચનામું જોતાં પ્રતિવાદીના ખેતરમાં દિવેલાનો પાક ઉભો છે અને પ્રતિવાદીને વાદગ્રસ્ત રસ્તા સિવાય અવર જવરનો કોઈ રસ્તો પંચનામું અને નકશો જોતાં હાલ ઉપલબ્ધ નથી અને તેમ છતાં દિવેલાનો પાક છે માટે પ્રતિવાદીએ વાદગ્રસ્ત રસ્તા ઉપરથી અવર જવર કરી ખેતી કરેલ છે તે વાત પણ આના કારણે સ્પષ્ટ થાય છે.

વાદીએ રજુ કરેલ નિ.૧૪/૩ કોર્ટ કમિશ્નરે કરેલ નકશો જે નકશો ધ્યાને લેતા આ કામે પૂર્વ તરફ રણછોડપુરા ગામનો પાકો રસ્તો છે ત્યાંથી પૂર્વ-પશ્ચિમ પ્રતિવાદીના ખેતરના ઉત્તર તરફના ભાગે કાભઈ અને શનાભાઈના ખેતરની વચ્ચેથી આગળ ચંદુભાઈના ખેતર તરફ જતો રસ્તો બતાવેલ છે તે પ્રતિવાદીના રે.સ.નં.૧૮૩૬/પૈકીના ઉત્તર શેઢા તરફ છે એટલે પ્રતિવાદી રણછોડપુરા ગામના પાકા રસ્તે થઈ કાભઈ અને શનાભાઈના ખેતર વચ્ચે આવેલ રસ્તાથી પોતાના ખેતરના પૂર્વ ઉત્તર ખૂણે આવી શકે પણ આ રસ્તામાં કાભઈ અને શનાભાઈના ખેતરના શેઢા સુધી ફેન્સિગ છે જેના કારણે આ રસ્તાથી પ્રતિવાદીના ખેતરમાં જઈ શકાય તેવા સંજોગ નથી. જ્યારે પ્રતિવાદીના ખેતર પછી આવેલ રસ્તા બાદ ધર્મેશભાઈનુ ખેતર છે ત્યાંથી આવવાનો કોઈ રસ્તો નથી અને પશ્ચિમે બુધાભાઈના ખેતર તરફથી કે પૂર્વે છનાભાઈના ખેતર તરફથી આવવાનો કોઈ રસ્તો નથી. જ્યારે વાદીના ખેતરની દક્ષિણે સરકારી નાળ આવેલ છે જ્યાં વાદીના સર્વે નં.૧૮૩૧/પૈકીના ખેતરના પૂર્વ શેઢા તરફ રસ્તો બતાવેલ છે જે વાદીના બંને સર્વે નં. ૧૮૩૧/પૈકી અને ૧૮૩૪ના શેઢાથી થઇ

પ્રતિવાદીના દક્ષિણ શેઢા ઉપર પ્રવેશ કરી શકાય છે જ્યાં ફેન્સિગ માટેના થાભલા મારેલા છે અને ફેન્સિગ છે જેથી પ્રતિવાદીનો જવાનો રસ્તો આના કારણે બંધ થયેલ છે. આમ, આ કામે પ્રતિવાદીના ખેતરના દક્ષિણે વાદીના સ.નં.૧૮૩૧/પૈકી તથા ૧૮૩૪ની વચ્ચે ઉત્તર દક્ષિણનો રસ્તો જે દક્ષિણે સરકારી નાળે મળે છે તે વાદગ્રસ્ત રસ્તો દાવા પહેલાં ખુલ્લો હતો અને તે સિવાય પ્રતિવાદીને પોતાના ખેતરમાં જવા માટે હાલમાં બીજી કોઇ વ્યવસ્થા નથી. આમ, આ તમામ સંજોગો ઘ્યાને લઇએ તો જો વાદીની વાત માનીને મનાઇ હુકમ આપી વાદગ્રસ્ત રસ્તેથી અવર જવર કરવા સામે પ્રતિવાદીઓને રોકવામાં આવે તો પ્રતિવાદી પોતાના ખેતરમાં કોઈપણ દિશાથી પ્રવેશ કરી શકે જ નહિ જેના કારણે તેની જમીન પડતર રહે અને ખેતી નહિ થતાં પ્રતિવાદીને ભુખે મરવાનો વારો આવે જેના કારણે ઈરરીપેરેબલ લોસ અને હાર્ડમારી પ્રતિવાદીઓને થાય જયારે વાદી જે રસ્તાનો ઉપયોગ કરી પોતાના ખેતરના ઉત્તર શેઢા સુધી જાય છે તેજ રસ્તાનો ઉપયોગ કરી પ્રતિવાદી ત્યાંથી આગળ પોતાના ખેતરમાં જાય તો વાદીને ખેતી કરવામાં કોઈ મોટી અગવડ પડે તેમ નથી.

આ કામે હાલના વાદગ્રસ્ત રસ્તા ઉપર પ્રતિવાદીઓનો ઇજમેન્ટરી હક્ક છે કે કેમ તે વાત હાલના સ્ટેજે નક્કી થઇ શકે તેમ નથી અને પંચનામું જોતાં પ્રતિવાદીના ખેતરના ઉત્તરે રસ્તો કે જે ફેન્સીંગના કારણે બંધ છે તે બતાવેલ છે. આમ, પ્રતિવાદીનો સાચો રસ્તો હાલનો વાદગ્રસ્ત રસ્તો છે કે ઉત્તરે આવેલ રસ્તો આ બેમાંથી કયો રસ્તો સાચો તે હાલના સ્ટેજે નકકી થઇ શકે તેમ નથી પણ વાદી એવું બતાવી શકતો નથી કે પ્રતિવાદી હાલના વાદગ્રસ્ત રસ્તેથી અવર જવર કરતા જ ન હતા અને મામલતદાર કોર્ટમાં બાબત ખુલી તેમાં હાલનો વાદગ્રસ્ત ખુલ્લો હતો એટલે કે ત્યાંથી દાવો થયો તે પહેલાં પ્રતિવાદી અવર જવર કરતો હતો તે વાત સ્પષ્ટ છે અને જો

પ્રતિવાદીને આ રસ્તેથી અવર જવર કરવા દેવામાં ન આવે તો તે ખેતી જ ન કરી શકે પણ પ્રતિવાદીનો ઈજમેન્ટરી રાઈટ હોવાનો પ્રતિવાદી પ્રાયમાફેસી બતાવી શકતો ન હોય. આ કામે દાવાનો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી આ વાદગ્રસ્ત રસ્તેથી પ્રતિવાદીને અવર જવરની મંજૂરી આપવી જોઈએ પણ સામે વાદીને જે લોસ જાય છે તેને કોમ્પનસેટ કરવો પડે અને દાવાનો આખરી નિકાલ થશે ત્યારે નક્કી થશે કે પ્રતિવાદીને વાદગ્રસ્ત રસ્તાનો હક્ક છે કે કેમ અને તેમાં જે નિર્ણય આવે તે પક્ષકારોએ અનુસરવું પડશે પણ દાવો ચાલતા દરમ્યાન વચગાળામાં પ્રતિવાદીને રોકવો ન્યાયી જણાતું નથી. આમ, વાદી ત્રણેય મુદ્દાઓ સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોય તેના જવાબ નકારમાં આપી, મુદ્દા નં. ૪ પરત્વે નીચે મુજબનો હુકમ કરવા પ્રેરાઉ છું.

## <u>હુ ક મ</u>

હાલની આંક ૫ મનાઈ અરજી આથી નામંજૂર(રદ) કરવામાં આવે છે.

વધુમાં, એવો હુકમ કરવામાં આવે છે કે, આ હુકમના એક માસની અંદર વાદીએ વાદગ્રસ્ત રસ્તાના ભાગમાં કરેલ ફેન્સીંગ દૂર કરી વાદગ્રસ્ત રસ્તા પર પ્રતિવાદી અવર-જવર કરી શકે તે માટે રસ્તો દાવાના આખરી નિકાલ સુધી ખુલ્લો રાખવો જે માટે પ્રતિવાદીએ દર અંગ્રેજી માસની ૧ થી ૫ તારીખમાં વાદીને રુબરું રુ.૫,૦૦૦/- (અંકે રુપિયા પાંચ હજાર પુરા) ચુકવવા અને જો વાદી નાણાં ન સ્વીકારે તો આ રકમ કોર્ટમાં દર મહિને જમા કરાવવી અને જે રકમ વાદી ઉપાડવા હક્કદાર છે અને જો પ્રતિવાદી આ રકમ દર માસે ભરપાઈ ના કરે તો પ્રતિવાદીએ આ રસ્તાનો ઉપયોગ કરવો નહિ.

સદર અરજીનો ખર્ચ દાવાના આખરી પરિણામને અનુસરશે.

હુકમ આજ તારીખ ૧૪મી માહે ડીસેમ્બર સને ૨૦૨૦ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરેલ છે.

**તા.૧૪.૧૨.૨૦૨** (**Iqbalahmed Ikhlashahmed Pathan**)
**મેઇન કોર્ટ, ઉમરેઠ** **પ્રિન્સિપાલ સિવિલ જજ ઉમરેઠ**
**GJ00638**